હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના મારા ભાઇને કાંઇ કરતા કાંઇ નહતુ... ફી નવરાત્રી પાસ મેળવવા દોડા દોડ કરી... પાસ તો તોય ન મળ્યા...

શહેરના એસટી ડેપોમાં આંતરે દિવસે મોબાઈલ ચોરી

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરના એસટી ડેપોમાંથી હિંતમનગર તરફ જતી બસમાં બેસવા જતા યુવકના ખીસ્સામાંથી મોબાઈલ ચોરી થયો છે. બનાવ અંગે યુવકે ઓનલાઈન ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના એસટી ડેપોમાં મોબાઈલ ચોરી યથવાત રહેવા પામી છે. મોબાઈલ ચોર ટોળકી માટે પાટનગરનું એસટી ડેપો સલામત સ્થળ બની ગયું છે. ડેપોમાંથી રોજ એક મુસાફરનો મોબાઈલ ચોરી થાય છે. તેમ છતા એસટી ડેપોના અધિકારીઓનું પેટનું પાણી હલતું નથી. જયારે પોલીસને પણ મોબાઈલ ચોરી થાય તેમાં કોઈ નવાઈની વાત લાગતી ન હોય તેમ લાગી રહ્યું છે.

પાટનગરનું એસટી ડેપો મુસાફરો માટે સલામત રહ્યું નથી, તો રાજયના અન્ય છેવાડાના ડેપોની દશા શું હશે તે વિચાર માંગી લે છે. જયારે શહેરના ડેપોમાંથી રોજ મુસાફરોના ખીસ્સા સાથે મોબાઈલ ચોરી થાય છે. જેમાં કેટલાક મુસાફરો પોલીસ કેસ નોંધાવે છે.જયારે કેટલાક દુરના મુસાફરો ચોરી થવા છતા ચુપચાપ જતા રહે છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ સાબરકાંઠના વડાલી તાલુકાના ડોભાળા ગામના પ્રતિક મુકેશકુમાર રાજમાન સેકટર-૫ ડી ખાતે આવેલી ગુરૂકૃપા હોસ્ટેલ માં રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. પ્રતિક પાસે રૂ.૨૮ હજારની કિંમતનો ઓપો કંપનીનો ફોન હતો. ગત તા.૧૭ ના રોજ બપોરના બે વાગ્યાના અરસામાં તે વતન જવાનું હોવાથી પથિકા એસટી ડેપોમાંથી હિંમતનગર જવાની બસમાં બેસવા જતા ધક્કા મુકીના દ્રશ્યો સર્જાયા હતા. તે સમયે પ્રતિકનો ફોન પેન્ટના ખીસ્સામાં હતો. બસમાં બેઠા પછી તેને ચેક કરતા મોબાઈલ ગાયબ હતો. જેથી ફોન પડી ગયો સમજી બસમાં તેમજ નીચે શોધખોળ કરી હતી. પરંતુ ફોન મળી આવ્યો ન હતો. બનાવ અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ભાજપા ડોક્ટર સેલ તથા મહિલા મોરચાના સહયોગ થી બાળકોનું હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના જન્મ દિવસ થી ૨-૧૦-૨૦૨૨ ના સમય દરમ્યાન સેવા પખવાડિયા નિમિતે તા. ૨૪-૦૯-૨૨ શનિવાર ના રોજ વોર્ડ નંબર ૧૧ ના ભાટ સુઘડ અમિયપુર અને ખોરજ ગામ ની શાળાઓમાં ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી ડોક્ટર સેલ તથા મહિલા મોરચાના સહયોગ થી ૧૨ થી ૧૮ વર્ષ ના બાળકો નું હમોગ્લોબીન ચેક અપ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગાંધીનગર મહાનગર ભાજપ અધ્યક્ષ ઋચિભાઈ ભટ્ટ,મહામંત્રી ગૌરાંગભાઈ પટેલ અને કનુભાઈ દેસાઈ,મોરચા મહામંત્રી હરેશભાઈ પટેલ, મહાનગર ઉપપ્રમુખ નિલેશભાઈ પટેલ, તથા ગાંધીનગર મહાનગર પાલિકા નાં સ્ટેન્ડિંગ કમિટી નાં ચેરમેન જશવંતભાઈ પટેલ તથા વોર્ડ૧૧ ના કાર્યકર્તાઓ પદમકાંત પટેલ ,હેતલબેન મકવાણા, મુલસિહ પુરોહિત ,ગોવિંદ વાઘેલા, વિકિભાઈ અને અન્ય કાર્યકરો હાજર રહયા હતા અને અંદાજિત ૪૦૦ થી વધુ બાળકો આનો લાભ લીધો હતો. વધુ માં વધુ બાળકો લાભ લે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

શહેરમાં ત્રિ-દિવસીય યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

પતંજલિ યોગ સમિતિ, માનસ યોગ સેવા ટ્રસ્ટ, પ્રમુખ ગ્રુપ અને સામવેદ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ત્રિ-દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં બીજા દિવસે કાર્યક્રમની શરૂઆત મહિલા પતંજલિ યોગ સમિતિની કાર્યકર્તા બહેનો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.આ શિબિરના દ્વિતીય દિવસે પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ યોગાચાર્ય કાનજીભાઈ બાવરી, મહિલા પતંજલિ યોગ સમિતિ જિલ્લા અધ્યક્ષ ડોક્ટર નેહલ દેસાઈ ગાંધીનગર જિલ્લા યજ્ઞ પ્રભારી ગીતાબેન જોબનપુત્રા દ્વારા વેઈટ લોસ તથા ડાયાબિટીસ, થાઇરોઇડ જેવા રોગોના નિવારણને લગતા યોગ અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર જિલ્લા પ્રભારી ગીતાબહેન અને તેમની પૂરી ટીમ દ્વારા કરવામાં આવી હતી. વૈદિક યજ્ઞથી વાતાવરણ સુંગંધિત તથા આધ્યાત્મિક બન્યું અને કાર્યક્રમના અંતમાં સર્વેએ સાથે મળીને દુધ, સરગવા અને પાલકના સૂપના પ્રસાદનો આનંદ માણ્યો હતો.

સેકટર-૭ પાનના ગલ્લા નીચેથી વિદેશી દારુની બે બોટલ મળી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૭ શૌચાલયની પાસે પાન પાર્લરના કેબીન નીચે થી વિદેશી દારુની બે બોટલ કિં.રૂ.૮૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ પોલીસ મથકના સ્ટાફના જવાનો રાત્રીના સમયે પેટ્રોલીંગમા હતા. તે સમયે સેકટર-૭ શોંપીગ સેન્ટર પાસે આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી. કે સેકટર-૭ શૌચાલયની બાજુમાં આવેલા પાનના ગલ્લાના માલિક વિદેશી દારૂનું છુટક વેચાણ કરે છે.

જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા ગલ્લા નીચે પ્લાસ્ટીકના થેલામાંથી વિદેશી દારૂની બે બોટલ મળી આવી હતી. દારુની બોટલ કોની પાસેથી લીધી હોવાનું પુછપરછ કરતા સંતોષકારણ જવાબ આપ્યો ન હતો. જયારે પોલીસે ગલ્લા માલિકનુ નામ પુછતા શખ્સે સાબરકાંઠાનો વતની લક્ષ્મણસિંહ હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે રૂ.૮૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ ઘર પાસેથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના અડાલજ ગામે રોહિતવાસ ખાતે થી ગઈરાત્રીના સમયે ઘર પાસે પાર્ક કરેલા પલ્સર બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ રોહિતવાસ ખાતે રહેતા શૈલેષભાઈ રઘુરામ વૈષ્ણવ પરિવાર સાથે રહે છે અને જમીન દલાલીનું કામકાજ કરે છે. શૈલેષભાઈએ પોતાના દિકરા મયુરને અમદાવાદની સિલ્વર ઓક કોલેજ જવા આવવા માટે પલ્સર બાઈક નં.જી.જે.૧૮.ડી.પી.-૨૭૯૯ લઈ આપ્યું હતું. જયારે ગત તા.૨૩ ના રોજ પેથાપુર ખાતે ભજનમાંથી પરત આવીને ઘર પાસે બાઈક પાર્ક કર્યું હતું.ત્યારબાદ સવારે ૭ વાગે ઉઠીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતી.જેથી બાઈક અંગે આસપાસના વિસ્તારમાં પુછપરછ કરી હતી. અડાલજ ઘર પાસેથી રૂ.૧.૨૩ લાખની કિંમતનું પલ્સર બાઈક ચોરી કરીને ચોર શખ્સો નાસી જતા ચોર શખ્સો સામે અડાલજ પોલીસ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પીડીપીયુ પાસે અજાણી કારની ટક્કરે આધેડનું સારવાર દરમિયાન મૃત્યું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર-કોબા માર્ગ પર પીડીપીયુ પાસે ગત તા.૧૭ સપ્ટેમ્બરના રોજ રાત્રીના એક વાગ્યાના અરસામાં રોડ ક્રોસ કરી રહેલા આધેડને અજાણી કારના ચાલકે અડફેટે લીધા હતા.

જેમાં આધેડ શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.

જયાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. જયાં અજાણ્યા આધેડનું ગત તા.૨૩ ના રોજ રાત્રે સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. પોલીસે અજાણી કારના ચાલક સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વણકર સમાજની ૧૪મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

શ્રી ગાંધીનગર વણકર સમાજની ૧૪મી વાર્ષિક સાધારણ સભા ૨૫મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૪.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા, વિધાનસભા સામે ગાંધીનગર ખાતે યોજાનાર છે. તો તમામ સભાસદોને ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

ડભોડા શક્તિકેન્દ્ર-૨ ખાતે મનની બાત કાર્યક્રમ નિહાળ્યો

પંડિત દીનદયાલ ઉપાધ્યાયના જન્મદિવસ નિમિત્તે શ્રદ્ધાસુમન કર્યા

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ડભોડા શક્તિકેન્દ્ર પ્રમુખ હાર્દિક પટેલની આગેવાનીમાં અવની એગ્રો ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મનકી બાત કાર્યક્રમ સૌ આગેવાન કાર્યકર્તાઓએ સાથે નિહાળ્યો હતો. જેમાં ટી.બી.ના દર્દીઓને પુરતા પોષણની સાથે જરૂરી દવાઓ પણ આપવાથી ટી.બી.નું પણ નિર્મુલન થઈ શકે છે, અને નેશનલ ગેમ્સમાં વડાપ્રધાને ખેલાડીઓનો ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહેવાના છે. જેવી તમામ બાબતો ખૂબ સારી રીતે જાણવા મળી અને પંડિત દીનદયાલ ઉપાધ્યાયના જન્મદિવસ નિમિત્તે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ગાંધીનગર રેલ્વે સ્ટેશનની પૂર્વ તૈયારીઓની મુખ્યમંત્રીની સમીક્ષા

ગાંધીનગર, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી ૩૦ સપ્ટેમ્બર ગાંધીનગર રેલવે સ્ટેશનથી ગાંધીનગર મુંબઈ વચ્ચેની નવી ટ્રેન સેવા વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનો પ્રારંભ કરાવવાના છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર રેલવે સ્ટેશન પર આ પ્રસંગે યોજાનારા સમારોહની થઈ રહેલી પૂર્વ તૈયારીનું નિરીક્ષણ ગાંધીનગર રેલવે સ્ટેશને જઈને કર્યુ હતુ.

મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવ જ્વલંત ત્રિવેદી તેમજ પશ્ચિમ રેલવેના વરિષ્ઠ અધિકારીઓ પણ મુખ્યમંત્રી સાથે જોડાયા હતા.



ગાંધીનગર જિલ્લાના લાકરોડા ખાતે દર્શન યોગ ધામનો શિલાન્યાસ કરતા રાજયપાલશ્રી

ગાંધીનગર,તા.૨૫

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગર જિલ્લાના લાકરોડા ગામમાં સાબરમતી નદીના કિનારે દર્શન યોગ ધામનો શિલાન્યાસ કરતા જણાવ્યું હતું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીના વિચારો દ્વારા આર્ય સમાજે વૈદિક સંસ્કૃતિના પ્રસાર દ્વારા સમાજને સત્યનો માર્ગ દર્શાવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે, આજના ભોગવાદના જમાનામાં વિશ્વ સમસ્તના કલ્યાણ માટે ભારતીય વૈદિક દર્શન અને સંસ્કૃતિની અત્યંત આવશ્યકતા છે. તેમણે માનવ નિર્માણના કાર્યને સૌથી મહત્વનું ગણાવી ઉમેર્યું હતું કે, દર્શન યોગ ધામ જેવી સંસ્થા દ્વારા વેદના પઠન-પાઠન અને ભારતીય દર્શન- ચિંતન દ્વારા મહર્ષિ દયાનંદ સરસ્વતીના મિશનને આગળ વધારવા જે પ્રયાસો થઈ રહ્યાં છે. તે ખરા અર્થમાં માનવ નિર્માણનું કાર્ય છે. તેમણે જણાવ્યું હતું કે, દર્શન યોગધામ દ્વારા વિદ્વાનો, સંતો, તપસ્વીઓનું નિર્માણ થશે જે મહર્ષિ દયાનંદ સરસ્વતીની વિચારધારા દ્વારા ભાવિ ભારતના નિર્માણમાં શ્રેષ્ઠ યોગદાન આપશે. રાજયપાલશ્રીએ વૈદિક સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર દ્વારા શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં સહયોગી બનવા ઉપસ્થિત સૌને ભાવપૂર્વક અનુરોધ કર્યો હતો. તેમણે દાનને ધનની શ્રેષ્ઠ ગતિ ગણાવી વૈદિક સંસ્કૃતિના ઉત્કર્ષ અને રાષ્ટ્રકાર્ય માટે સહયોગી બનવા સૌને પ્રેરણા આપી હતી.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લાકરોડા ગામમાં સાબરમતી નદીના કિનારે સાડા તેર એકર ભૂમિમાં દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ દ્વારા દર્શન યોગ ધામનું નિર્માણ થઈ રહ્યું છે. જેનો શિલાન્યાસ રાજયપાલશ્રી અને સંતોના હસ્તે કરવામાં આવ્યો હતો. અહીં સંન્યાસ આશ્રમ, વાનપ્રસ્થ આશ્રમ, વેદ- વિધાઓ માટે અલગ- અલગ ગુરૂકલોની સ્થાપના, યજ્ઞ પ્રશિક્ષણ કેન્દ્ર, ગૌ શાળા આદિ સંકુલોનું નિર્માણ થશે. આ પ્રસંગે ઉપસ્થિત પદ્મ ભૂષણ સ્વામી સચ્ચિદાનંદજીએ વૈદિક સંસ્કૃતિની આજના સમયમાં આવશ્યકતા અને તેના મહાત્મ્ય વિશે વિસ્તૃત સમજ આપી હતી. આ અવસરે દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટના સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક, સ્વામી બ્રહ્મવિદાનન્દજી સરસ્વતી સહિત સંતગણ ઉપરાંત સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા દિલ્હીના અધ્યક્ષ શ્રી સુરેશચન્દ્ર આર્ય તેમજ આર્યવન વિકાસ કાર્ય ટ્રસ્ટ, રોજડના અધ્યક્ષ શ્રી મનસુખભાઇ વેલાણી સહિત મહાનુભાવો, આચાર્યો અને સંતગણ ઉપસ્થિત રહ્યા હતા.